Of City Life

## ઇ.ડી.આઇ. સ્ટુડન્ટ્સનાં યુનિક સ્ટાર્ટઅપ

# હવે આંગળીના ટેરવે ટાઇલ્સ અને ઇગ્ઝોટિક ફ્રૂટ ખરીદી શકાશે

**અમદાવાદ : ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૬**

હવે મોટાભાગના યંગસ્ટર્સ નોકરી કરતાં પોતાનો જ બિઝનેસ શરુ કરવાનું વધારે પ્રિફર કરે છે. આમ, કરિયર પ્રત્યે ફોકસ્ડ યંગસ્ટર્સ બિઝનેસ માટેની તૈયારી કોલેજ લાઇફથી જ શરુ કરી દેતા હોય છે. સિટીમાં આવાં જ કેટલાક યંગસ્ટર્સે કોલેજ લાઇફની સાથે પોતાના સ્ટાર્ટઅપ શરૂ કર્યા છે. આંત્રપ્રિન્યોરશિપ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇ.ડી.આઇ)માં સ્ટડી કરતાં ઘણાં સ્ટુડન્ટ્સે પોતાના આઇડિયા પર બિઝનેસ સ્ટાર્ટ કર્યો છે. આમ, આવનારા સમયમાં તેઓ તેમના સ્ટાર્ટઅપ બિઝનેસ માર્કેટની એક્ઝામમાં પોતાની કસોટી આપશે. આમ, આવા સ્ટાર્ટઅપ પાછળ આ યંગસ્ટર્સ માને છે કે સફળતા મળશે કે નિષ્ફળતા એ ગૌણ બાબત છે પરંતુ તેમના માટે શરુઆત કરવી મહત્ત્વની છે.




**કોલેજ લાઇફની સાથે બિઝનેસ સેટ કરી રહેલા સ્ટુડન્ટ્સ ટ્રાન્સપોર્ટ ફેસિલિટી તેમજ ઇગ્ઝોટિક ફ્રૂટ અને ફ્રૂટ જયુસની ડિલિવરી જેવી સુવિધાઓ ઘરે પહોંચાડશે**

## ઇન્ટરસિટી ટ્રાન્સપોર્ટ ફેસિલિટી



મોટેભાગે સામાન ટ્રાન્સફર કરવા માટે ટ્રક જેવા હેવી વિહિકલની જરૂર પડે છે. ઘણીવાર એવું પણ બને છે કે રસ્તામાં તમારો સામાન ક્યાં ગયો તેની જાણકારી કુરિયર કંપની પાસે હોતી નથી. પરંતુ પી.જી.ડી.એમ.ના સ્ટુડન્ટ નીતીન ગુપ્તાએ 'ટ્રક ફોર લોડ'નામની વેબસાઇટ તૈયાર કરી છે. જેના દ્વારા તમે તમારો સામાન એક જગ્યાએથી બીજી જગ્યાએ સરળતાથી પહોંચાડી શકો છો. આ સુવિધામાં તમારો સામાન અને વિહિકલની તમામ માહિતીની નોંધ કરવામાં આવશે. ઉપરાંત વિહિકલનું લોકેશન અને સ્પીડની પણ માહિતી ઓનલાઇન મેળવી શકાશે. સાથે જ ટ્રાન્સપોર્ટર અને ટ્રક માલિકોને પણ સામાન ક્યાંથી ભરવાનો છે તેની માહિતી આપવામાં આવશે. એટલે કે આ પ્લેટફોર્મ દ્વારા વેપારી અને ટ્રક ઓનર્સને એક પ્લેટફોર્મ મળી શકશે. સાથે ટ્રાન્સફર થયેલા સામાનને સિક્યોર રીતે પહોંચાડી શકાશે.

## હવે ટાઇલ્સની પસંદગી - ખરીદી ઓનલાઇન થશે



ગુજરાતમાં સિરામિક ટાઇલ્સનો બિઝનેસ મોટા પાયે વિકસેલો છે. પરંતુ વિશ્વમાં ચીન સૌથી મોટું સપ્લાયર છે. ઘણીવાર આપણે ટેકનોલોજીની જાણકારીના અભાવે આપણે વિશ્વના અન્ય દેશો સુધી પહોંચી શકતા નથી. પરંતુ પી.જી.ડી.એના પહેલા વર્ષમાં અભ્યાસ કરતી નિકિતા મહેશ્વરી દ્વારા 'ટાઇલ્સબઝાર ડોટ કોમ' નામની એક સાઇટ તૈયાર કરવામાં આવી છે. જેના પર ટાઇલ્સના સંદર્ભમાં તમામ પ્રકારની માહિતી મળી રહેશે. નિકીતા કહે છે કે, મોટેભાગે આપણે આપણી નજીકની શોપ પરથી ટાઇલ્સની ખરીદી કરી લઇએ છીએ. પરંતુ અમે એ પણ ફેસિલીટી આપીએ છીએ કે તમારી નજીક સસ્તી પ્રાઇઝમાં ટાઇલ્સ ક્યાં મળશે. સાથે જ તમે ઓન લાઇન વિવિધ વેરાયટી, ડિઝાઇન પણ જોઇ શકશો. અત્યારે મારી સાઇટ બિટા વર્ઝન પર ચાલી રહી છે. લોકો બેંગલોર, મુંબઇ, ચેન્નાઇ, અમદાવાદથી ઇન્ક્વાયરી કરી રહ્યા છે. સાથે જ અમે એક નવા કોન્સેપ્ટ પર કામ કરી રહ્યા છીએ કે તમારા વોલમાં કઇ ટાઇલ્સ સારી દેખાશે. આ સાઇટ મેં પાંચ મહિના પહેલાં વિકસાવી છે.

## અટ્રેક્ટિવ ડિઝાઇનવાળા ટ્રકમાં ઇગ્ઝોટિક ફ્રૂટ મળશે



મોટેભાગે તમારે ઇગ્ઝોટિક ફ્રૂટ માટે મોટા મોલમાં જવું પડે છે અથવા મોટા સેલર પાસે જવું પડે છે. પરંતુ તેના સોલ્યુશન રૂપે આવનારા સમયમાં સિટીના રસ્તા પર ખાસ ડિઝાઇન કરેલા ટ્રકમાં ઇગ્ઝોટિક ફ્રૂટ, જ્યુસ, શેક વગેરે મળશે. પી.જી.ડી.એમના પહેલા વર્ષમાં અભ્યાસ કરતા પાર્થ મહેતાએ આ કોન્સેપ્ટ પર પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કર્યું છે. પોતાના કોન્સેપ્ટ અને પ્રોજેક્ટ વિશે વાત કરતા પાર્થ કહે છે કે, મેં સેપ્ટના આર્કિટેક્ટ પાસે ખાસ એક ટ્રક ડિઝાઇન કરાવ્યો છે. હું અને મારા પિતા ૨૦ દિવસ ભારતમાં ફર્યા હતા. લોકો કેવા પ્રકારનું ફ્રૂટ ખાય છે, કેટલો ખર્ચ કરે છે, ક્યાંથી લાવે છે વગેરે જાણ્યું. અમે ગ્લાસમાં નહીં પરંતુ બોટલમાં જ્યુસ આપીશું. આ બોટલને લોકો સાચવશે છે તેથી અમારું બ્રાન્ડિંગ પણ થશે. શરૂઆતમાં અમે થાઇલેન્ડ, મિડલ ઇસ્ટ એટલે કે આફ્રિકન દેશો, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના ફ્રૂટ લાવીશું. સાથે ફ્રૂટ સ્ટિક પણ તૈયાર કરીશું. આ બધી વસ્તુ તૈયાર કરવા માટે મેં બોમ્બેના શેફને શામેલ કર્યો છે.

## ગૂગલ કાર્ડ બોર્ડનું પ્રોડક્શન



છેલ્લા થોડા સમયથી યંગસ્ટર્સમાં ગુગલ કાર્ડ બોડ અને ગ્લાસનો ક્રેઝ વધ્યો છે. લોકો પોતાના ઘરે જ ૩૬૦ ડિગ્રીનું થ્રીડી મોડલ રાખતા થયા છે. ઘણીવાર એવું બને છે કે તેના મટીરિયલ ખરાબ હોવાથી તેના પર પ્રવાહી પડે તો લાંબા સમય સુધી ચાલી શકતું નથી. પરંતુ યશ બોડાને, યશ અનુરાગ દ્વારા હાઇક્વોલિટી ડુપ્લેક્સ પેપર તૈયાર કરવામાં આવ્યા છે. સાથે જ આ પ્રોડક્ટને એજ્યુકેશન સેક્ટર સાથે જોડીને આગળ વિવિધ પ્રોજેક્ટ કરવામાં આવશે. જેમ કે કોઇ સ્ટુડન્ટ્સને કોઇ પ્રોજેક્ટ માટે વીડિયોની જરૂર છે તો તેઓ થ્રીડી વીડિયોને શૂટ કરીને સ્ટુડન્ટ્સને મદદ કરશે.